ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૮ ડીગ્રી
લઘુતમ : ૧૫.૪ ડીગ્રી
ભેજ
સવારે ૭૩ ટકા ● સાંજે ૪૭ ટકા

# કાલે દેવ ઉઠી એકાદશી: તુલસીજી અને શાલિગ્રામનો લગ્નોત્સવ

## ઘર આંગણામાં કે અગાશી પર શેરડીનો માંડવો બાંધી, તુલસીજીને ચુંદડી ઓઢાડી સાથે શાલિગ્રામ રાખી પુજા કરવી શ્રેષ્ઠ



### દેવ ઉઠી એકાદશી:

દેવ ઉઠીની એકાદશી (કાર્તિક શુક્લ પક્ષમાં) - ૩જી નવેમ્બર સાંજે ૭.૩૦ કલાકે શરૂ થશે

કાર્તિક શુક્લ એકાદશીની ૪ નવેમ્બર , સાંજે ૦૬.૦૮ કલાકે પૂર્ણ થશે. દેવઉઠી એકાદશી ઉપવાસનો સમય - ૦૬.૩૯ સાંજે થી ૦૮.૫૨ સાંજે (૫ નવેમ્બર )

### દાનનું મહત્વ:

દેવઉઠીની એકાદશી પર દાનનું વિશેષ મહત્વ જણાવવામાં આવ્યું છે. આ દિવસે ગાયના છાણથી ઘરને પવિત્ર કરવાની પણ પરંપરા છે, ગામડાઓમાં આજે પણ આ પરંપરાનું પાલન કરવામાં આવે છે. આ દિવસે નવા અનાજ, ડાંગર, મકાઈ, ઘઉં, બાજરી, અડદ, ગોળ, કપડા વગેરેનું દાન કરવામાં આવે છે. તેની સાથે જ પાણીની છાલ, શક્કરિયા, આલુ, શેરડી વગેરેનું દાન પણ શ્રેષ્ઠ માનવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે આ વસ્તુઓનું દાન કરવાથી ભગવાન વિષ્ણુની વિશેષ કૃપા પ્રાપ્ત થાય છે. ભાગ્યમાં વધારો થાય, સુખની પ્રાપ્તિ થાય છે.

### દેવઉઠી એકાદશીથી માંગલિક કાર્ય શરૂ થાય છે

દેવઉઠી એકાદશીના દિવસે લગ્ન જેવા શુભ કાર્યોની શરૂઆત થાય છે. આ તારીખને વર્ષાઋતુ અથવા ચોમાસાની પૂર્ણાહુતિ માનવામાં આવે છે. આ દિવસે તુલસી વિવાહ પણ કરવામાં આવે છે. તુલસીને વિષ્ણુનું પ્રતિક માનવામાં આવે છે. તુલસીનું ઔષધીય મહત્વની સાથે સાથે ધાર્મિક મહત્વ પણ છે. તુલસી તેના ગુણોને કારણે વિશેષ મહત્વ ધરાવે છે.

### ભગવાન વિષ્ણુનો જાગરણ દિવસ

કાર્તિક શુક્લની એકાદશી એ ભગવાન વિષ્ણુના જાગરણનો દિવસ પણ છે. દેવ ઉઠી ચાતુર્માસનો અંતિમ દિવસ માનવામાં આવે છે. અષાઢ શુક્લની એકાદશી એટલે કે હરિષાયની એકાદશીથી, વિષ્ણુજી ક્ષીરસાગરમાં વિશ્રામ કરે છે, જે દેવ ઉઠની એકાદશી પર સમાપ્ત થાય છે. આ દિવસે ઉપવાસ, પૂજા અને દાનનું વિશેષ મહત્વ છે.

ગાંધીનગર, તા.૨

દેવ ઉઠી એકાદશીને પ્રબોધિની એકાદશી અને ઉત્થાન એકાદશી તરીકે પણ ઓળખવામાં આવે છે. દિવાળી બાદ દેવ ઉઠી અગિયારસ જેનુ હિન્દુ ધર્મમાં અનેરું મહત્વ છે. આ દિવસનું વિશેષ ધાર્મિક મહત્વ શાસ્ત્રોમાં જણાવવામાં આવ્યું છે. દેવઉઠી એકાદશી તમામ એકાદશી તિથિઓમાં મહત્વપૂર્ણ માનવામાં આવે છે. કાર્તિક શુક્લની એકાદશી તિથિને દેવઉઠી એકાદશી કહેવામાં આવે છે. પૌરાણિક માન્યતા અનુસાર, આ દિવસે ભગવાન વિષ્ણુ ચાર મહિના પછી યોગનિન્દ્રમાંથી જાગી જાય છે અને ફરી એકવાર પૃથ્વીના તમામ કાર્યો પોતાના હાથમાં લે છે. એકવાર નારદજીએ બ્રહ્માજીને પૂછયું : હે પિતા! પ્રબોધિની એકાદશીના વ્રતનું શું ફળ હોય છે ? આપ કૃપા કરીને વિસ્તારથી એ બધું મને કહો.બ્રહ્માજી બોલ્યાઃ “હે પુત્ર! જે વસ્તુ ત્રિલોકમાં મળવી દુષ્કર છે, એ વસ્તુ ,પણ કારતક માસના શુકલ પક્ષની એકાદશીના વ્રતથી મળી જાય છે. આ વ્રતના પ્રભાવથી પૂર્વજન્મમાં કરેલા અનેક ખરાબ કર્મો ક્ષણવારમાં નષ્ટ થઈ જાય છે. હે પુત્ર! જે મનુષ્ય શ્રધ્ધાપૂર્વક આ દિવસે થોડું પણ પુણ્ય કરે છે એનું એ પૂણ્ય વર્વત સમાન અટલ થઈ જાય છે. અને એમના પિતૃઓ વિષ્ણુલોકમાં જાય છે. બ્રહ્મહત્યા જેવા મહાન પાપ પણ પ્રબોધિની એકાદશીના દિવસે રાત્રી જાગરણ કરવાની નષ્ટ થઈ જાય છે.’’મનુષ્યે ભગવાનની પ્રસન્નતા માટે કારતક માસની પ્રબોધીની એકાદશીનું વ્રત અવશ્ય કરવું જોઈએ. જે મનુષ્ય એકાદશીનું વ્રત કરે છે. એ ધનવાન, યોગી, તપસ્વી તથા ઈન્દ્રીયોને જીતનાર બને છે. કારણ કે એકાદશી ભગવાન વિષ્ણુની અત્યંત પ્રિય છે. આ એકાદશીના દિવસે જે મનુષ્ય ભગવાનની પ્રાપ્તી માટે દાન, તપ, હોમ, વગેરે કરે છે. એમને અક્ષય પૂણ્ય મળે છે.’’ આથી વિધિપૂર્વક ભગવાન વિષ્ણુની પૂજા કરવી જોઈએ.’’એકાદશીના દિવસે મનુષ્યે બ્રાહ્મ મૂહૂર્તમાં ઉઠીને સંકલ્પ કરવો જોઈએ. અને પૂજા કરવી જોઈએ એ રાતે ભગવાનની સમીપ ગીત, નૃત્ય, કથા-કીર્તન કરતા રાત વિતાવવી જોઈએ. પ્રબોધિની એકાદશીના દિવસે પુષ્પ, અગર ધૂપ વગેરેથી ભગવાનની આરાધના કરવી જોઈએ. ભગવાનને અર્ધ્ય આપવો જોઈએ. એનું ફળ તીર્થ અને દાન વગેરેથી કરોડગણું અધિક હોય છે. જે ગુલાબના પુષ્પથી, બકુલ અને અશોકના ફુલોથી, સફેદ અને લાલ કરેણના ફૂલોથી, દુર્વાકાળથી, શમીપત્રથી ભગવાન વિષ્ણુની પૂજા કરે છે, એ આવાગમના ચક્રમાંથી છૂટી જાય છે. આ પ્રમાણે રાત્રે ભગવાનની પૂજા કરીને પ્રાતઃકાળે સ્નાન પછી ભગવાનની પ્રાર્થના કરતાં ગુરુની પૂજા કરવી જોઈએ. અને સદાચારી ચરિત્ર બ્રહ્મણોને દિક્ષિણા આપીને પોતાનું વ્રત છોડવું જોઈએ. જે મનુષ્ય ચાતુર્માસના વ્રતમાં કોઈ વસ્તુનો ત્યાગ કર્યો હોય, તેણે આ દિવસથી એ વસ્તુ ફરી ગ્રહણ કરવી જોઈએ. જે માણસ પ્રબોધિની એકાદશીના દિવસે વિધિ પૂર્વક વ્રત કરે છે એમને અત્યંત સુખ મળે છે, અને એ અંતે સ્વર્ગમાં જાય છે.

# મોરબી દુર્ઘટનામાં અવસાન પામનાર મૃતકોને ગાંધીનગર કોર્પોરેશન ખાતે શ્રદ્ધાંજલિ અર્પણ



ગાંધીનગર, તા.૨

તાજેતરમાં મોરબી હોનારતમાં દિવગત થયેલા દિવાત્માઓને શ્રદ્ધાંજલિ પાઠવવા માટે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શ્રદ્ધાંજલિ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે બપોરે ૧૨.૦૦ વાગ્યે શ્રદ્ધાંજલિ સભા યોજાઈ હતી. જેમાં ગુજરાતના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહ્યા હતા. શ્રદ્ધાંજલિસભામાં ગાંધીનગરના મેયર હિતેશભાઈ મકવાણા, ડે.મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટે.ચેરમેન જશવંતભાઈ પટેલ, મ્યુનિ.કમિશ્નર સંદીપ સાગલે, ના.મ્યુ.કમિશ્નર સી.એમ. ત્રિવેદી, ગુણવંતસિંહ સોલંકી, કેયુર જેઠવા, ગાંધીનગર મહાનગર ભાજપ અધ્યક્ષ રુચિરભાઈ ભટ્ટ, મ્યુનિસિપલ કાઉન્સિલરશ્રીઓ, ભાજપ સંગઠનના પદાધિકારીઓ સહિત કાર્યકર્તાઓ, અધિકારીઓ તથા કર્મચારીઓએ દિવંગતોને શ્રદ્ધાસુમન અર્પિત કર્યા હતા તથા બે મિનિટનું મૌન પાળી દિવંગતોના આત્માને શાંતિ માટે પ્રાર્થના કરી હતી. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા મુખ્ય કચેરી ઉપરાંત તમામ વોર્ડમાં પણ વિવિધ સ્થાનિક સંસ્થાઓના સહયોગથી દિવંગતોને શ્રદ્ધાસુમન અર્પણ કરવા માટે શ્રદ્ધાંજલિ સભા યોજવામાં આવી હતી.



ભારતીય રિઝર્વ બેંક, કેનેરા બેંક, અન્ય તમામ સહયોગી બેંકો અને એન.બી.એફ.સી.એસ.ના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં RSETI, બેંક ઓફ બરોડા, રૂપાલ ગામ ખાતે છેતરપિંડી અટકાવવા માટે એક જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રૂપાલ ગામના ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક સહભાગી બન્યા હતા. બેંકના અધિકારીઓએ છેતરપિંડી અટકાવવા અંગે લોકોને જાગૃત કર્યા હતા. આ કાર્યક્રમમાં ડિવિઝનલ મેનેજર, ગાંધીનગર પ્રાદેશિક કાર્યાલય ટોપનો, ગાંધીનગર એલડીએમ આદેશ જુનેજા, બેંક ઓફ બરોડા પ્રદીપ સહિત આમંત્રિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.



મોરબી હોનારતમાં દિવંગત થયેલા દિવાત્માઓને રાજયવ્યાપી શોક નિમિત્તે ૨ મિનિટનું મૌન પાળીને જિલ્લા પંચાયતના કર્મચારીઓ અને અધિકારીઓ દ્વારા માનભેર શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

# નવા સચિવાલય ખાતે મોરબી કેબલ બ્રિજ દુર્ઘટનામાં દિવંગતોને શ્રદ્ધાંજલિ આપવા પ્રાર્થનાસભા યોજાઈ

ગાંધીનગર, તા.૨

મોરબી કેબલ બ્રિજ દુર્ઘટનામાં જીવ ગુમાવનાર રાજ્યના નાગરિકોના દિવંગત આત્માઓને શાંતિ મળે તે માટે નવા સચિવાલય, ગાંધીનગર ખાતે શ્રદ્ધાંજલિ આપવા પ્રાર્થનાસભા યોજાઈ હતી.

આ પ્રાર્થનાસભામાં મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર સહિત વિવિધ વિભાગોના ઉચ્ચ સનદી અધિકારીઓ અને કર્મચારીઓએ બે મિનિટનું મૌન પાળીને દિવંગતના આત્માઓને ભાવસભર શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. નવા સચિવાલય ખાતે યોજાયેલી પ્રાર્થનાસભામાં સર્વધર્મ પ્રાર્થના તેમજ વૈદિક મંત્રોનું પઠન કરવામાં આવ્યું હતું.



ઉલ્લેખનીય છે કે મોરબી કેબલ બ્રિજ દુર્ઘટનામાં નાગરિકોના દિવંગત આત્માઓને આદરના ચિન્હ તરીકે રાજ્ય સરકાર દ્વારા તા.૦૨ નવેમ્બરના રોજ સમગ્ર ગુજરાતમાં રાજકીય શોક જાહેર કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત મોરબી કેબલ બ્રિજ દુર્ઘટનામાં જીવ ગુમાવનાર દિવંગતોના આત્માને શાંતિ મળે તે માટે ગુજરાતના તમામ ગામડાઓ, નગરપાલિકાઓ તેમજ મહાનગરપાલિકાઓમાં આજે વિવિધ સ્થળોએ પ્રાથર્નાસભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

# મધુર ડેરી પરિવાર દ્વારા મોરબી બ્રીજ દુર્ઘટનાના મૃતકોને અંજલિ અપાઈ



ગાંધીનગર, તા.૨

મધુર ડેરી, ગાંધીનગર ખાતે તા.૨ના રોજ બપોરે ૩.૩૦ કલાકે રાજયવ્યાપી શોક નિમિત્તે બે મીનીટનું મૌન પાળવામાં આવ્યું હતું. મધુર ડેરીના ચેરમેન ડો.શંકરસિંહ રાણા, મેનેજીંગ ડીરેકટર, મધુર પરિવારના કર્મચારીઓ, અધિકારીઓની હાજરીમાં બે મીનીટનું મૌન પાળવામાં આવ્યું હતું અને આ દુર્ઘટનામાં ઈજાગ્રસ્ત થયેલા લોકો જલ્દીથી સાજા થઈ જાય અને મૃત્યુ પામેલાના આત્માને શાંતિ મળે તે અર્થે પ્રાર્થના કરવામાં આવી હતી. તદઉપરાંત ગાંધીનગર મનપા દ્વારા યોજાયેલા કાર્યક્રમમાં મધુર ડેરીના ચેરમેન ડો.શંકરસિંહ રાણા હાજર રહયા હતા.

# ગાયત્રી શક્તિપીઠ સે-૧ ખાતે મોરબી હોનારતમાં દિવંગતોને શ્રધ્ધાંજલિ અપાશે

ગાંધીનગર, તા.૨

તાજેતરમાં મોરબી હોનારતમાં દિવંગત થયેલા દિવાત્માઓના સન્માન અર્થે ગાયત્રી શક્તિપીઠ ગાંધીનગર દ્વારા આયોજિત પ્રજ્ઞાપુરાણ કથામૃતમાં આયોજિત શોભાયાત્રાનો કાર્યક્રમ મોકુફ રાખવામાં આવ્યો હતો તથા કથાના પ્રથમ દિવસે કથા વિરામ સમયે દિપયજ્ઞના માધ્યમથી દિવંગતોના આત્માની શાંતિ મૃત્યુંજય મંત્રની ૧૧ આહુતિઓ આપવા સાથે પ્રાર્થના સભા રાખવામાં આવી હતી. તા.૬ના રોજ ૧૧ કુંડીય ગાયત્રી મહાયજ્ઞમાં દિવંગતોના આત્માના કલ્યાણઅર્થે આહુતિઓ આપવામાં આવશે. ગાંધીનગર ખાતે રહેતા કોઈપણ પરિવારનાં સ્વજનો કે સગા સંબંધીઓ આ હોનારતમાં દિવંગત થયેલા હોય તેઓએ રૂબરૂમાં યજ્ઞમાં બેસી તેઓના મોક્ષાર્થે આહુતિઓ આપવા માગતા હોય તેઓને તા.૬ સવારે નવ કલાકે ગાયત્રી શક્તિપીઠ સેકટર-૧ ખાતે હાજર રહેવા જણાવાયું છે.



ગાંધીનગર, તા.૨

શહેરના સેકટર-૨૯માં વંદે માતરમ્ પાર્ક-૨ વસાહતના વસાહતીઓ દ્વારા મોરબી દુર્ઘટનાના મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વસાહતના બાળકો પણ જોડાયાં હતા અને દિવંગતોના આત્માને શાંતિ માટે પ્રભુને પ્રાર્થના કરી હતી.


# જન્મદિને વધામણી



**ડો. કનુભાઈ ઠક્કર**
પૂર્વ પ્રમુખ (IMA)
ગાંધીનગર




**જસજિતસિંહ પ્રેમલસિંહ ગોલ**



**સંકેત પોપટ**
ફોટોગ્રાફર



**અનેરી રાજેશકુમાર દુલારા**
મો. ૭૨૨૬૯ ૫૩૫૬૦



**દિવાકર હરુભા ઘાંઘલ**
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ



**અવ્યાન રવિરાજસિંહ વાઘેલા**
મો. ૯૭૨૩૬ ૭૨૮૨૬

# ચિરવિદાય

**● મુકિતધામ ●**

- સ્વ.પટેલ નંદુભાઈ વિષ્ણુભાઈ ઉ.વ.૫૭, સેકટર-૨૬
- સ્વ.ઠાકોર ગોવિંદજી વજાજી ઉ.વ.૬૪, શિહોલી મોટી
- સ્વ.મકવાણા પશાભાઈ મફાભાઈ ઉ.વ.૬૫, આદરજ મોટી

**● રૂદ્રભૂમિ ●**

- સ્વ.ઠક્કર કિરણબાલા કૌશિકકુમાર ઉ.વ.૫૬, સેકટર-૫
- સ્વ.રાવળ કાંતિલાલ શંકરલાલ ઉ.વ.૮૦, સેકટર-૧